# શ્રી ખોડિયાર માં ની આરતી



# શ્રી ખોડિયાર માં ની આરતી

ચાર ચાર ધામની માઁ ખોડલમાંની આરતી.....૨
ખમ્મા તુને ખોડલમાડી, લીલી રાખો આડી વાડી,
નિરખીયે માઁ દાડી દાડી, દર્શન દેજો માડી રે,
ચાર ચાર ધામની મા....... ૪

પેલી આરતી માટેલ ધામે, બીજી આરતી ગળધરામા,
ત્રીજી આરતી રાજપરામા, ચોથી કાગવડ ધામે રે...ચાર
ચાર...

માટેલ ગામે તુ મમતાળી, નદી ધુનાએ તું નેજાળી
ગઢ જુનાળે તુને ભાળી, હે રાજપરાવાળી રે...ચાર
ચાર...

ખમકારી માં ખોડલ માડી, નાગ ના તુ નેત્રવાળી,
પગલે પગલે તુ પરચાળી, બાઇ ખરી બીરદાળી રે...ચાર
ચાર...

gujaratsahay.com

ખરી ખુબી મા ખોડલ તારી, જોગમાયા હૈ અવતારી,
દીઠી તુ ને દેવ દાઢાળી, ભેરી ભેડીયા વાળી રે...ચાર
ચાર...

રાજપરામા રાજ તારા, ગઢ જુનાણે ગામ તારા,
માટેલે માંડવડા તારા, પરગટ પરચા તારા રે... ચાર
ચાર...

ખોડલ ખોડી નામ તારુ, રૂદીયે મારે નામ તારુ,
તારણ હારુ નામ તારુ, રોમે રોમે ધારુ રે...ચાર ચાર...

gujaratsahay.com

## ખોડિયાર માં ના ભજન ગરબા

# કોઈ તાંતણીયા ધરાથી તેડાવો મારી બેનુ રે

કોઈ તાંતણીયા ધરાથી તેડાવો મારી બેનુ રે
ખોડીયાર રમવા ને આવો
કોઈ માટેલ જઈને મનાવો મારી બેનુ રે

આસોના ઉજળા આવ્યા છે નોરતા
મનડે કોડ નથી માતો
માના તહેવારનો મહિમા છે એવડો
સૃષ્ટિમાં નથી રે સમાતો
સારા સર્જનની શોભા વધારો મારી બેનુ રે... ખોડીયાર...

ઝાડવે ઝાડવે દિપ પ્રગટાવો
વાસંત વાહોલીયા રે વાવો
પત્થરને કહી દો કે ફૂલડા થઈ જાય
જડમાં ગીતો જગાવો
તમે આકાશે ઢોલ વગડાવો મારી બેનુ રે... ખોડીયાર...

આભ કેરી ઓઢણી ઓઢી છે અંગમાં
સૂરજનો ગરબો સજાવ્યો
ગંગા ને જમુનાના પાયલ પગમાં
હે માળાનો હાર લટકાવ્યો
કહે ‘આપ’ તમે ફૂલ વરસાવો મારી બેનુ રે …
ખોડીયાર…

# ખોડિયારમાં નો ગરબો

ભીંજાય ઘરચોળુ ભીંજાય ચૂંદડી રે લોલ
આંખે થઈ છે આંસુડાની ધાર જો
મ્હેણા ભાંગોને ખોડલ માવડી રે લોલ
દોડીને દ્વારે તારા આવતી રે લોલ
કર જોડીને કહેવા તને માત જો... મ્હેણા ભાંગોને...

સસરો સંતાપે પરણ્યો બોલતો રે લોલ
બોલે એવા કપરા કડવા વેણ જો.. મ્હેણા ભાંગોને......

સાસુ સંતાપે નણદી બોલતી રે લોલ
બોલે એવા વાંઝણીના બોલ જો... મમ્હેણા ભાંગોને...

બાગ ન માગુ વાડી બંગલા રે લોલ
માગતી નથી હીરા કે માણેક જો... મ્હેણા ભાંગોને...

કૂવે પડીશ તો કૂળ લાજશે રે લોલ
બળી મરીશ તો બાપને લાગશે ગાળ જો... મ્હેણા ભાંગોને...

gujaratsahay.com

દીકરીની વ્હારે દોડી આવીયા રે લોલ
આવી ઉભા ખમકારી ખોડિયાર જો
મ્હેણા ભાંગવા ખોડલમા આવીયા રે લોલ
ભવના મ્હેણા ખોડલે ભાંગીયારે લોલ
અને દીધો ખોળાના ખૂંદનાર જો… મ્હેણા….

પરણ્યો પોકારે ખોડલ માતને રે લોલ
સસરો કહે માફ કરો અપરાધ જો… મ્હેણા….

ગારો ઘરચોળ જે ગવરાવશે રે લોલ
સ્હાય કરશે ખમકારી ખોડિયાર જો… મ્હેણા….

ગાય ઘરચોળુ બાળ ખંતથી રે લોલ
તેના હ્રદયે આનંદ અપાર જો… મ્હેણા….

# ખોડિયાર ચારણ કૂળમાં માવડી રે

ખોડિયાર ચારણ કુળમાં માવડી રે
ખોડિયારે કર્યો ગળધરે વાસ
ખોડિયાર ચારણ કૂળમાં માવડી રે
પિતા મામડિયો ચારણ નામ છે રે
માતા મીણલદે કહેવાય .... ખોડિયાર...

માડી સાતે બેનુ સંગાથમાં રે
લીધો ચારણ ઘેર અવતાર.... ખોડિયાર..

પરગટ પરચા પૂર્યા તેં માવડી રે
કળ જુગમાં તું જાગતી જ્યોત... ખોડિયાર

પ્રસન્ન થઈને પુત્ર જ આપીયો રે
રાખ્યું નવઘણ એનું નામ... ખોડિયાર

સિંધમાં રોકી જાહલને સુમરે રે
નવઘણ જાહલની વારે જાય.... ખોડિયાર

gujaratsahay.com

નવલાખ સેને નવઘણ ઉપડયો રે
રસ્તો રોકે વરુડી માત.... ખોડિયાર

રમતી વરુડી ચરુડી બે બેનડી રે
માજીએ જમાડયુ નવઘણ સેન.... ખોડિયાર

દેવ ચકલીના રુપ તેં ધરીયા રે
બેટી નવઘણના ભાલે માત.... ખોડિયાર

જળમાં પાડયા કેડા માંવડી રે
પીઠડ આવી કરવા સ્હાય.... ખોડિયાર

નવઘણ સાથે ચાલી તું માવડી રે
ધરી દેવચકલીનું રુપ.... ખોડિયાર

આગલા ડાબલે જળ છોળ ઉડતીરે
પાછલા ડાબલે ઉડતી ધૂળ.... ખોડિયાર

પીઠડ નામ શુ નવઘણે બાંધિયુ રે
જાહલ વાળી જુનાહો જાય.. ખોડિયાર

પરગટ પરચા પૂરણ માવડી રે
સમરે કરતી માડી સહાય.... ખોડિયાર

ગામ માટેલમાં તારો વાસ છે રે
માનતાયું આવે તારે દ્વાર.. ખોડિયાર

બાળક કરજોડી તને વીનવે રે
શક્તિ મંડળ ગુણતા ગાય... ખોડિયાર

# ડગમગ ડોલે છે નાવડી

માટેલ ધરાવાળી માત, ખોડલ આવોને માવડી
વારે આવોને ખોડિયાર, ડગમગ ડોલે છે નાવડી

સંસાર સાગરમાં જીવનની નાવડી
અજ્ઞાન અંધારા જામ્યા છે માવડી
જ્ઞાનની જ્યોત પ્રગટાય ડગમગ ડોલે છે નાવડી

આશા તૃષ્ણાના તરંગે દોડાય છે
લોભ લાલચમાં લપટી જવાય છે
મમતા હજી ના મૂકાય, ડગમગ ડોલે છે નાવડી

મોહમાયાના મોજા અથડાય છે
પાપ કરતા પાછું વાળી ના જોવાય છે
તું માડી હું તારો બાળ ડગમગ ડોલે છે નાવડી

બાળકના દિલની વાત માં જાણી જાય છે
ભૂલ કરે તો કદી સમજાવી જાય છે
માં માં કરતા પોકાર, ડગમગ ડોલે છે નાવડી

gujaratsahay.com

આજકાલ કરતા અડધું ગુમાવ્યુ
તારા ભજન વિના જીવન ગુમાવ્યું
સમજ્યો ત્યાંથી લેજે સંભાળ, ડગમગ ડોલે છે નાવડી

હૃદયમાં ભાવ મને જાગે છે ભક્તિના
ગુણગાયા ખોડલ જગદંબા શક્તિના
માં નો મહિમા તો અપાર, ડગમગ ડોલે છે નાવડી

પ્રેમના પુષ્પથી તમને વધાવું
અંતરનાં ઉમંગથી તમને રિઝાવું
ખમકારે આવો ખોડિયાર ડગમગ ડોલે છે નાવડી

જૂઠા જગતની જૂઠી છે માયા
જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી આવ્યા
અળગા થતા લાગે ન વાર, ડગમગ ડોલે છે નાવડી

# થાળ

જમો જમો ખોડિયાર માત, મારાં ભોજનિયાં,
બહુ ભાવે જમાડું, માત, મારાં ભોજનિયાં,

મારી સાંકડી શેરીમાં ઓરડી, કર્યાં પ્રેમભીનાં સન્માન.
મારાં ભોજનિયાં
તારે ગોખલે બાંધ્યાં તોરણિયાં, આસોપાલને ફૂલહાર

કર્યાં પંચો પચારે તારાં પૂજનિયાં, કરી રાજોપચારના ભાવ,
પૂરી માનભોગ ભોજન જમાડિયાં, પછી આરતી ઉતારું માત,

નથી સોના ચાંદી થાળ પિત્તળના, છે દુના પાતળનાં ઠામ,
મારી ટચુકડી છે વિનંતી, જો જો હું છું માનવ જાત,

મારા અવગુણ ના વિચારજો, મારા જોજો હૃદયના ભાવ,
આજે આવ્યો સુદામા બારણે લઈ વિદુર ભાજીપાન,

તું ભાવના ભૂખી ભુવનેશ્વરી, હું ભિક્ષુ માનવ બાળ,
અમે તારા બાલુડાં, તું અન્નપૂર્ણા સાક્ષાત્ મારા ભોજનિયાં

gujaratsahay.com